

# જીવનકથા રાસ

યુગપ્રધાન આચાર્ય સમ પૂજ્ય

## પંન્યાસ ચંદ્રશેખરવિજય મહારાજ જીવનકથા રાસ

- આચાર્ય વિજય જગવલ્લભસૂરિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



પરદુઃખ ચિંતન એ માનવતા છે.
સ્વદોષ દર્શન એ મહાનતા છે.
- પૂ.પં. ચંદ્રશેખર વિ.મ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

|| ધર્મચક્રવર્તી શ્રી મંત્રાધિરાજ પાર્શ્વનાથાય નમઃ ||
|| તપાગચ્છીય શ્રીમદ્ વિજય પ્રેમ-યશોદેવ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત્-જયશેખર સૂરિભ્યો નમઃ ||

## યુગપ્રધાન આચાર્યસમ પરમ પૂજ્ય
## પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજય મહારાજ

# જીવનકથા રાસ


* રચયિતા *

સિધ્ધાંત મહોદધિ પ.પૂ. આચાર્ય
વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન

ન્યાય વિશારદ પ.પૂ. આચાર્ય
વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા શિષ્યરત્ન

સહજાનંદી પ.પૂ. આચાર્ય
વિજય ધર્મજિત્સૂરીશ્વરજી મહારાજાના વિનેય

ચંદ્ર ધર્મચક્ર તપ પ્રભાવક પ.પૂ. આચાર્ય
વિજય જગવલ્લભસૂરિ મહારાજ



* પ્રકાશક *

શ્રી ધર્મચક્ર પ્રભાવક ટ્રસ્ટ
૪, અભ્યંકર ટાવર્સ, એમ.જી.રોડ
નાસિક - ૪૨૨૦૦૧ (મહારાષ્ટ્ર)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

* ગ્રંથ અભિધાન *

યુગપ્રધાન આચાર્યસમ પૂ.પં. ચંદ્રશેખરવિજય મહારાજ જીવનકથા રાસ

* ગ્રંથ વિષય *

* એક સમયે જે ભાનુના અજવાળે સમગ્ર જિનશાસન ઝળહળાં થઈ રહ્યું હતુ.
* જે તમસ્ભેદક પ્રકાશ પુંજે અજ્ઞાનના અનેક આવરણો ચીરીને
  યુવાધનને ધર્મના સદ્માર્ગે વાળવાનો ભવ્ય પુરૂષાર્થ આદર્યો હતો.
* જેની સદાય પ્રજ્વલિત ખુમારીની ચિનગારીએ
  અનેક આક્રમણો સામે શાસનરક્ષાનું વિરલ કાર્ય એકલપંડે બજાવ્યું હતુ.
* જે સહસ્રમુખી પ્રતિભાની રવિપ્રભાએ
  શાસનને દીર્ઘકાલિક અનેક પરિકલ્પનાઓનો ઉપહાર ભેટ ધર્યો હતો.
* શૌર્ય-સમર્પણ અને શાસનદાઝની રેખાઓથી ઘડાયેલો વીર ચેહરો ને
  લક્ષ્યવેધ કરનારા ધર્નુધરના હાથોની પ્રલયમુદ્રા જેવી વિલક્ષણ પ્રવચન છટાથી
  જે સંહારક શક્તિએ
  દુષમકાળના કુસંસ્કારો, કુવાસનાઓ અને કાલિમાઓનું સમુદ્ર મંથન કર્યુ હતુ.

**એ બ્રહ્મા-વિષ્ણુ અને મહેશ સ્વરૂપ જગદુધ્ધારક પવિત્ર ગુરૂતત્વના જીવન ચરિત્રનું પદ્ય સંસ્કરણ**

**એક ચારિત્રધર-ઊર્જા સભર - ધુરંધર મહાપુરુષના**

# જીવનની કાવ્યગીતા

● શ્રુત સુકૃત લાભ ●

પૂજ્ય પંન્યાસ ચંદ્રશેખર વિજય મહારાજના ઋણ સ્મૃત્યર્થે

પરિવારના ઉપકારી ગુરૂભગવંત પૂ.આ.વિજય જગવલ્લભસૂરિ મહારાજની પ્રેરણાથી

**અ.સૌ. ભાગ્યવતીબેન સંતોકચંદજી અચલચંદજી ગુલેચ્છા પરિવાર**

સુપુત્રો - મહાવીર - કમલેશ, પુત્રવધુ - સૌ. રૂપા, સૌ. સંજુ

પૌત્ર - પક્ષાલ, પૌત્રી - સંયમી, આંગી, મુક્તિ

(મરૂધર-ગઢસિવાના, હાલ - બારડોલી, જિ. સુરત)

*** પ્રાપ્તિ સ્થાન ***

શૈલેષભાઈ
3, કૈલાસ કોટેજ,
સંત મુક્તાબાઈ રોડ,
ટેલિફોન એક્ષચેંજ પાસે,
વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ - ૫૭.
ફોન : ૨૬૧૨૦૪૯૧.

અનિલભાઈ પી. વાણ
બી. ૬૦૩, કનકનિધિ એપા.,
ગાંધીસ્મૃતિ સામે, ટીમલીયાવાડ,
નાનપુરા, સુરત.
ઓ. ૦૨૬૧-૬૫૯૧૩૨૨
મો. : ૯૮૯૮૧૫૪૬૮૪

ભાવેશભાઈ ચીકાણી
માણિભદ્ર બુક સ્ટોર
૧, NBCC હાઉસ, સહજાનંદ કોલેજ પાસે,
પાંજરાપોળ ચાર રસ્તા, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૧૫. ઓ.- ૩૦૦૦૪૮૪૫
મો. : ૦૯૩૭૪૫૪૪૩૪૫/
૦૯૧૭૩૨૨૯૦૪૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઊર્જાનો અભિષેક

• ગુણો હંમેશા અપ્રગટ હોય છે. એ ક્યારેય ચક્ષુનો વિષય નથી બનતા. અપ્રગટ એવા ગુણોને પણ પામવા હશે તો ગુણાનુરાગ તો પ્રગટ થવો જોઈશે જ. ગુણો ભલે અપ્રગટ હોય પણ જો ગુણાનુરાગની બહુમૂલ્ય સંપત્તિ તમારી પાસે હશે તો, સામેની વ્યક્તિના ગુણો દેખાયા વગર નહિ જ રહે. સામેનું વ્યક્તિત્વ કેટલું ? ગુણ સંપન્ન છે એ કરતા પણ તમારૂ અંતર જો ગુણાનુરાગ સંપન્ન હશે, તો આવતી કાલે ચોક્કસ તમે ગુણનિષ્પન્ન અવસ્થાને પામી જશો એમાં કોઈ શંકા નથી.

વિક્રમની એકવીસમી સદીના પ્રથમચરણથી માંડીને, તૃતીય ચરણના મધ્યભાગ સુધી પોતાની ઊર્જાથી જિનશાસનના એક પણ અંગને નવપલ્લવિત કરવામાં કંઈ બાકી ન રાખ્યુ હોય, એવા મહાપુરુષ યુગપ્રધાન આચાર્ય સમ **પૂ.પં. ચંદ્રશેખરવિજય મહારાજ** એટલે ગુણ અને ગુણાનુરાગનું સરસ મજાનું કોમ્બિનેશન. એ મહાપુરૂષે અન્યના ગુણો જોઈ-જોઈને પોતાના આત્માને એ હદે ગુણોથી પૂર્ણ બનાવી દીધો હતો કે, એમના ગુણપૂરિત વ્યક્તિત્વ પ્રત્યે આકર્ષણ જાગ્યા વિના રહે જ નહિ. શાસનનું કોઈ પણ ક્ષેત્ર કે આરાધક વ્યક્તિ પછી, ચાહે એ સાધુ હોય કે શ્રાવક, સાધ્વી હોય કે શ્રાવિકા એમને જ્યાં સારૂ દેખાયુ, ત્યારે તેઓ ગુણાનુવાદ કર્યા વગર રહ્યા નથી. સર્વત્ર સમાન ગુણદ્રષ્ટિના પ્રતાપે જ તેઓ શાસનમાં સર્વત્ર પ્રિય બની ગયા હતા. એમને કોઈ સાથે શત્રુતા ન્હોતી, અને તેઓ પણ ક્યારેય કોઈને માટે પણ શત્રુ સ્વરૂપ બન્યા નથી. નાનામાં નાના વ્યક્તિની પણ પીઠ થાબડનારા એ મહાપુરૂષ, પોતાના દોષોને પણ જાહેર કર્યા વિના ન્હોતા રહેતા. અન્યનું માત્ર સારૂ જોઈને જ એ મહાપુરૂષ બેસી નથી રહ્યા પણ એની સાથે પોતાની તુલના કરી સ્વ અંતઃકરણને પણ એ ગુણોથી ભરવાનું દુષ્કર કાર્ય તેઓ સદાય કરતા હતા.

એ મહાપુરૂષ સાથે સંયમ જીવનના પ્રાંગણમાં વર્ષો સુધી સાથે રહેવાનું થયું હતું. ત્યારબાદ પણ અનેકવાર મળવાનું થતુ. એમની સાથેનો નૈકટ્યપૂર્ણ આત્મીય સંબંધ જીવનભર વૃદ્ધિ પામતો રહ્યો. એમની સાથે માણેલા અનેક પ્રસંગો આજે પણ સ્મૃતિમાં યથાવત્ છે. વિ.સં. ૨૦૩૩માં જ્યારે પૂજ્યશ્રી મુંબઈ નગરે સૌ પ્રથમવાર પધાર્યા ત્યારે સમસ્ત મુંબઈમાં વિચરણની જવાબદારી તેઓએ મારા શિરે સોંપેલી... ઘણીવાર અમે એકાંતમાં બેસતા, પરસ્પર અંગત વિચારોની આપ-લે કરતા. ત્યારે થોડુ ઝઘડી પણ લેતા. અલબત્ત એ કલહ પણ મીઠો રહેતો. ધર્મચક્ર તીર્થના વિચરતા પરમાત્મા જોઈ એમના રોમ-રોમ પુલકિત થઈ ઊઠ્યા હતા. પ્રભુવીર પ્રત્યે સવિશેષ ભક્તિ ધરાવનારા એ મહાપુરૂષને પ્રભુ વીરનું એ સ્વરૂપ ખૂબ ગમી ગયુ હતું.

પૂજ્યશ્રી સ્વયં તો અનેક ગુણ સંપન્ન હતા, છતાં'ય એમનો ગુણો પ્રત્યેનો પક્ષપાત જ એમના માટે સહુના આકર્ષણનું અનન્ય કારણ હતુ. આવા ગુણવાન મહાપુરૂષ સાથેના આત્મીય સંબંધે આકર્ષાઈને સહજ અંજલિ અર્પણ કરવાનું મન થઈ આવ્યુ અને એમાંથી સર્જન થયુ આ પ્રસ્તુત રાસનું. અલબત્ત રાસના સર્જન સમયે પણ મારી મતિ વિકલતાનો મને પૂરે પૂરો ખ્યાલ હતો જ. એ મહાપુરૂષે પોતાના જીવનમાં જેટલા વિકટ અને કપરા કાર્યો કર્યા છે એ કરતા પણ, એમના જીવનને શબ્દોમાં સમાવવું એ વધુ વિકટ છે. સમર્થના ગુણાનુવાદ કરવા માટે પણ, જે સમર્થતા જોઈએ એ મારામા નથી. એ હકીકતના સ્વીકાર સાથે જ એ મહાપુરૂષમાં રહેલા ગુણોની ભાવ ઊર્જાથી આપણે સૌ અભિષિક્ત થઈએ એ જ શુભભાવના સાથે ભક્તિભર્યા હૈયાના આ સર્જનમાં જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈ પણ લખાયુ હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

**- આ. વિ. જગવલ્લભસૂરિ**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહા

પરમાતમ પદ પામવા, પ્રેમે નમું પરમેશ.
પ્રેમસૂરીશ્વર પદકજે, નમીયે વીશવાવીશ ૦૧

ભુવનભાનુસૂરિ ચરણમાં, નમું ઐંકારનું બીજ.
સાન્નિધ્ય પામી સર્વનું, ગુરુ ગુણગાન ભજીશ ૦૨

પ્રેમ ભુવનભાનુ તણા, વરી ઉપકાર અનંત.
ઈંદ્રવદન મુમુક્ષુના, ભાવ વૈરાગ્ય મહંત ૦૩

આજન્મ વૈરાગિયા, ગુરુપદ રમતા નીત,
દીક્ષા શિક્ષા લઈ થયા, ચંદ્રશેખર પ્રતીત ૦૪

શીષ ધરી ગુરુદેવને, ગ્રહણાસેવન ખાસ,
પ્રગતિ કરે નિજ પંથની, ધરી ગુરુવર વિશ્વાસ ૦૫

વિજય ચંદ્રશેખર મુનિ, ગુરુપદકજમાં હંસ,
ગુણ ગાઉ તસ જીવનનાં, કુલીન કુલ અવતંસ. ૦૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાળ - ૧

*(રાગ :- જિમ જિમ અરિહા સેવીએ રે...)*

જન્માંતરની સાધના રે, લેઈ ઉપન્યા ખાસ... સુનામી
ઉત્તમકુલ રાધનપુરે રે, વરવા આત્મ ઉજાસ... સુનામી..
અહોનિશ ગુરુ મનમાં રમે રે, હરવા ભવજ્લ ત્રાસ... સુનામી...અહોનિશ..૦૧

કાંતિલાલ પિતા ઘરે રે, માતા સુભદ્રા યોગ... સુનામી
જીવતલાલ કાકા વળી રે, મળિયા સુભગ સંયોગ... સુનામી... ....... અહોનિશ. ૦૨

મંત્ર ફૂંકે તસ કાનમાં રે, માતા સુભદ્રા ભદ્ર... સુનામી
શાસનદીપક બની જજે રે, બચ્ચા સર્વતોભદ્ર... સુનામી ... .......... અહોનિશ. ૦૩

પ્રેમસૂરી ગુરુ ઈમ કહે રે, પુત્ર છે શાસનરત્ન... સુનામી
યાદે ધરજો કાંતિપિતા રે, કરજો એવો પ્રયત્ન... સુનામી... .......... અહોનિશ. ૦૪

પુત્રનાં લક્ષણ પારણે રે, મુખડે વિરક્તિ વિધાન... સુનામી
યોગભ્રષ્ટ તસ આત્મા રે, વરવા ગુણનિધાન... સુનામી... ............. અહોનિશ. ૦૫

મોહમયી અંધેરીમાં રે, ફાલ્ગુન પંચમી સુદ... સુનામી
જન્મથકી સિંચનવર્યા રે, સંસ્કારો થાવા શુદ્ધ... સુનામી... .......... અહોનિશ. ૦૬

વ્યવહારિક શિક્ષણ લીધાં રે, ભાવ અલિપ્ત ધરાર... સુનામી
ભાયખલામાં પામતા રે, દીક્ષા જીવન ગુણકાર સુનામી... ............ અહોનિશ.. ૦૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દોય હજાર આઠ વર્ષમાં રે, વદી પંચમી વૈશાખ... સુનામી
સિધ્ધ થવા ઉજ્જ્વળ થયા રે, પુણ્યપુરુષ ગુણશાખ... સુનામી........ અહોનિશ.. ૦૮

શિરછત્ર પ્રેમસૂરીશ્વરા રે, ભુવનભાનુ દીયે જ્ઞાન... સુનામી
પળ નો પણ પ્રમાદ નહિ રે, ટાળે સર્વ અજ્ઞાન... સુનામી............ અહોનિશ.. ૦૯

ગુરુ માતાની ગોદમાં રે, વિકસી રહ્યો નિજ ભાવ... સુનામી
પ્રાણ કરી ગુરુ વેણને રે, પામ્યા સમર્પણ ભાવ... સુનામી.......... અહોનિશ.. ૦૧૦

શક્તિપાત ગુરુવર કરે રે, દેઈ ચંદ્રશેખર નામ... સુનામી
જિમ બીજ ચંદ્ર વૃધ્ધિ વરે રે, નિર્મળતાનું ધામ... સુનામી... ......... અહોનિશ.. ૦૧૧

પ્રસન્નતાના સાયરૂ રે, ગંભીરતા ગુણધાર... સુનામી
શાસન અંગ તમામને રે, કરે અવિરત નમસ્કાર... સુનામી... ...... અહોનિશ.. ૦૧૨

કેવલ ગુરુકૃપા ગણે રે, સર્વમંગલ કરનાર... સુનામી
ડૂબી ગળાડુબ જ્ઞાનમાં રે, કૃપાનો સાક્ષાત્કાર... સુનામી... ........ અહોનિશ.. ૦૧૩

વીશ હજાર ગાથા કરી રે, મુખ પાઠે ભંડાર... સુનામી
નિશિએ ચાર હજારનો રે, સ્વાધ્યાય કરતા સાર... સુનામી... ...... અહોનિશ.. ૦૧૪

એહવા મુનિને વંદના રે, પાપ નિકંદનકાર... સુનામી
પ્રેમસૂરીશ કૃપા થકી રે, રાસ રચાય મનોહાર... સુનામી... ......... અહોનિશ.. ૦૧૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



સમૃધ્ધ ભારતની શોધમાં
શુધ્ધ ભારત ખોવાયું છે
શું મેળવવું છે ?

- પૂ.પં. ચંદ્રશેખર વિ.મ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહા

દીક્ષા ગ્રહી આ જગમહીં, જગથી રહેતા દૂર,
વસી ગયા નિજ જાતમાં, કરવા જ્ઞાન હજુર ........... ૦૧

ગુરુકુલવાસમાં વસી રહ્યાં, ષોડશ વર્ષ પ્રમાણ,
''મારા ગુરુ ભગવાન છે,'' કહેતા ભાવ અપ્રમાણ .... ૦૨

વિહરે ગુરુવર સાથમાં, ધરી ઊપધિ અમાન,
કષ્ટ સહે કર્મો દહે, છંડી માન સન્માન .................૦૩

ભાવિ શાસન રક્ષકો, સૂરિ લબ્ધિના વેણ,
કરજો પૂરો તૈયાર તે, શિવનારીના કહેણ ............. ૦૪

## ઢાળ - ૨

*(રાગ : આવો રૂડો રે મજાનો, અવસર નહિ રે મળે...)*

સાધુ જગતમાં આવા સંત નહિ રે મળે...
જેનું ચંદ્રશેખર નામ, કરે આત્માને આરામ... ..... હા...હો... સંત...૦૧

આત્મશુદ્ધિ અવિચલ કરનારા,
સંયમ પાલને વફા ધરનારા,
શુદ્ધિ સામ્રાજ્ય સાધે, પુણ્ય નીતનવું વાધે... ...... હા...હો... સંત...૦૨

વિકૃતિ વિદેશી પ્રતિ પ્રચંડ દાઝ,
ભારતીય સંસ્કૃતિ રક્ષાનો ઈલાજ,
સિંહગર્જનાથી દાખે, સત્ત્વશીલતાની સાખે...... .. હા...હો... સંત...૦૩

રાષ્ટ્ર સંસ્કૃતિ ધર્મધ્વંસની સામે,
મોરચો માંડીને નવિ બેસે તે વિરામે,
આંતરસૂઝથી અનોખી, ધર્મરક્ષાને આલેખી... ... હા...હો... સંત...૦૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નીડર વ્યક્તિત્વ પરવા, ન કોની કરતા,
મેનકા, ઈંદિરા, મોરારજીથી નવિ ડરતા,
જાહેર આલોચના કરાવે, રાષ્ટ્રહિત રક્ષા ભાવે....... હા...હો... સંત...૦૫

વીર સૈનિક દળ સ્થાપીને વિહરંતા,
ધર્મરક્ષાનો જુવાળ ઊભો કરતા,
યુવાશક્તિને જગાડી, મોહ નિદ્રાને ભગાડી... ..... હા...હો... સંત...૦૬

ઘેલું પામ્યા મોહમયીનાં યુવાનો,
રવિવારી શિબિરોમાં થયા રે દીવાનો.
કાયાપલટ સૌની થાતી, ચર્ચા તેઓની ગવાતી.... . હા...હો... સંત...૦૭

સ્વદ્રવ્યથી પૂજા પ્રભુની તે કરતાં,
અષ્ટપ્રકારી ભાવો નીત નવા વરતા,
કામે લાગે કાળા વાળ, ભાવ ભક્તિનો જુવાળ.... . હા...હો... સંત...૦૮

મડદાને બેઠાં કરવાની છે તાકાત.
તારા વ્યાખ્યાનમાં તુ આપે સૌને ભાન,
ભુવનભાનુ ગુરુ કહે એમ, અહો ! ગુરુવરની રહેમ... હા...હો... સંત...૦૯

વ્હાલુ પ્રભુનું બધું, શુદ્ધિ પણ વ્હાલી,
સંઘ-શાસન-જીવો-આજ્ઞા રખવાળી,
વ્હાલા કાજે જે ઝઝૂમે, હેતે હિતમાં જ રમે... ...... હા...હો... સંત...૧૦

કુમતિના કુમતોને બહુ રે હંફાવ્યા,
નેમ રાજુલ નાટકકારોને હરાવ્યા,
ગામેગામ સંઘમાં સંપ, કાઢ્યો કઢાવ્યો કુસંપ..... હા...હો... સંત...૧૧

ગરીબોનાં બેલી ને અસીમ કરુણાધારી,
સહુ કોનાં દુઃખો દોષો નિવારે વિચારી,
રાહત કેન્દ્રો-છાશ કેન્દ્રો, ખીચડી ઘરો ટાળે દંદો...હા...હો... સંત...૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દુષ્કાળમાં જીવદયા, કાજે જે દોડ્યા,
મુંબઈ આવી ફંડ કરાવીને જંપ્યા,
અઢી કરોડ છોડાવે, પશુ પ્રાણીને રક્ષાવે...... ..... હા...હો... સંત...૧૩

રામાયણ, મહાભારત પાત્રો બતાવે,
સાંભળી કુપાત્રો, સુપાત્રતા પાવે
પ્રવચન સુણી પાવન થાવે, દશ સહસ સંખ્યા આવે.. હા...હો... સંત...૧૪

શિશુ શિબિર, કન્યા શિબિરો કરાવે,
સંસ્કાર માટે તપોવનને સર્જાવે,
ઉચ્ચ વિચારોની મૂર્તિ, સૌનાં હિત હેતે સ્ફૂર્તિ...... હા...હો... સંત...૧૫

અંતરીક્ષ તીર્થરક્ષા ચૈત્યોની શુદ્ધિ,
યાત્રા પ્રવાસો-ગ્રામ પ્રવાસોથી સિદ્ધિ,
યુવા શિબિરો કરાવે, જીવન રક્ષાના દાવે... ........ હા...હો... સંત...૧૬

સંસ્કૃતિ રક્ષક મોભી કહેવાતા,
શાસન રક્ષાક જોગી વખણાતા,
આચાર ચુસ્તતાની નિષ્ઠા, લાખો હૃદયે પ્રતિષ્ઠા....હા...હો... સંત...૦૧૭

ભવભય ભારે, પાપ ડરથી ધ્રુજાવે,
દોષમુક્ત થાવા, કશું ઢીલું ના ચલાવે,
જયઘોષસૂરિનાં ખોળે, શુદ્ધિ હેતે આંસુ સારે......હા...હો... સંત...૦૧૮

અપવાદ સેવને જે વ્યથિત અમાપ,
દોષ વદે નિજ પ્રવચને આપ,
જાણે અશ્રુકેરો દરિયો, આંખે છલોછલ ભરીયો...હા...હો... સંત...૦૧૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



જો શિક્ષક બા બને અને બા શિક્ષક બને
તો બાળ સંસ્કરણ અપૂર્વ બની જાય.

- પૂ.પં. ચંદ્રશેખર વિ.મ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહા

પદપંકજ ગુરુદેવનાં, જાણે સુવાસી બાગ,
પદપંકજ ને સેવતા, જાગે જીવનનો રાગ ................૦૧

વળગે ગુરુની છાયમાં, રહેવાને જન જૈન,
ગુરુવિણ પાવન ના બને, જીવન તે વળી નૈન ............૦૨

પાવન ગુરુના નયનથી, નયનો પાવન થાય,
હૃદય પણ ભીનાં બને, આત્મોન્નતિ પમાય ............૦૩

પ્રેમ શિશુ ચંદ્રશેખરા, પાવન જાત સદાય,
પાવન કરે જન જન વળી, જેહથી જીવન સુખાય ......૦૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાળ - 3

*(રાગ : અંખીયન મેં અવિકારા, જિણંદા તોરી...)*

ખુશી હેતે મથનારા, સકલજન ખુશી હેતે મથનારા,
નિજ મનની ખુશી વરવાને, કાજ સવિ કરનારા... સકલજન

જગત-ભગતનો મેળ મળે ના, ભક્ત છે જાદુ ભરેલા,
જીદ ભરેલા જગથી જુદા, ગુરુકૃપાને વરેલા... સકલ જન... ૦૧

ખુશ કરું હું મુજ ગુરુવરને, એહ વિચાર કરેલા,
તન-મન-ધન જીવનના જોરે, ખુશ કરી ગુરુને વરેલા... સકલ જન... ૦૨

સ્પૃહા નવિ કોઈ પદ પ્રતિષ્ઠાની, નિષ્કામવૃત્તિ ભરેલા....
ઠાઠ ઠઠારા કદીય ગમે નાં, બાહ્ય ભાવોથી ડરેલા... સકલ જન... ૦3

એહવા ગુરુ ચંદ્રશેખર શંકર, અવગુણ નાશક મેળા,
બહુજન સંમત શિષ્યો ઘણેરા, તો'ય નહિ લોક ફેરા... સકલ જન... ૦૪

અગમ અગોચર સ્વરૂપ ધરાવે, જિનશાસનમાં ભળેલા,
અવગણના-અપમાનો વિશે પણ, પળ પળ અદબ ભરેલા... સકલ જન... ૦૫

પ્રેમ-ભુવનભાનુ ગુરુકૃપા, ધાવણ ખૂબ પીધેલા,
વીશવીશ સંવત પિંડવાડા ગામે, ''પ્રેમ'' સેવામાં લાગેલા... સકલ જન... ૦૬

નિશિદિન સેવા અવિરત કરીને, પરિણતિ પુણ્ય વરેલા,
આપી સમાધિ નિજ ગુરુવરને, વત્સલતાથી સિંચેલા... સકલ જન...૦૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિજ શિષ્યોને પ્રેમાળ એવા, મારાપણું પામેલા,
ખૂબ ખૂબ આશિષ ત્યાકને પામી, ''આણાએ ધમ્મો'' ધરેલા...સકલ જન...૦૮

ધ્રાંગધ્રા-લીંબડી, રાજકોટ, ભુજ, જામનગરમાં ગયેલા..
ડીસા, અમદાવાદ, સુરત, મુંબઈ ચોમાસે બહુ વરસેલા... સકલ જન...૦૯

દેહાવસાનનો સમય લખીને, જ્ઞાન દીપકતા વરેલા,
વિશ્વશાંતિનો મૂલાધારમાં વાંચ્યાં, અહો! અહો! જ્ઞાને મઢેલા...સકલ જન...૦૧૦

''ચત્તારિ મંગલં'' આદિક ગાથા, તેના સંગાથે રહેલા,
પળ પળ પાપનો ડર પરલોકની, ચિંતા સાતત્ય ધરેલા... સકલ જન...૦૧૧

કઠોરતા ધર વજ્રથી અધિકી, જાત પ્રતિ ગુરુ ચેલા...
જગત પ્રતિ કોમળતા ધારક, ફૂલથી અધિક ઊંચેરા... સકલ જન...૦૧૨

સદીઓ વિતાવી બહુ ઉપકારે, રાત-દિવસ જાગેલા,
કાર્ય પચ્ચીશી પૂર્ણ કરેવા, હિંમત હેત ભરેલા.... સકલ જન...૦૧૩

યોગક્ષેમંકર યૌવનધનના, અંતર દ્વાર ખોલેલાં,
બાહ્યાભ્યંતર ધર્મના દાતા, માળી સુમન ખીલેલાં... સકલ જન...૦૧૪

નિજ પર હિતનાં કાજ કરીને, જીવન સમેટી લેવા.
રોગ અસાધ્યમાં પણ પ્રભુ રાગે, પૂરી સમાધિ દેવા... સકલ જન...૦૧૫

અણુ પરમાણુ શિવ બની જાઓ, એવા નાદ વદનારા,
સર્વે જીવો મોક્ષે જાઓ, એવા ભાવો ભજનારા... સકલ જન...૦૧૬

અમર તપો હે ! અર્હં મૈયાં, ભાવ સમર્પણધારા,
વિશ્વ સકલનું મંગલ થાઓ, પળ પળ જાગ ધરારા... સકલ જન...૦૧૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



રામ નહિ પણ, જટાયુ પેદા કરો,
જે વિકાસના રૂપાળા નામ પાછળ
ચાલતા ભેદી જંગ સામે
વિરોધનો પડકાર ફેંકે.

- પૂ.પં. ચંદ્રશેખર વિ.મ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહા

કર્મ કટકને કાપતા, ખુદમાં જે ખોવાય,
તે સાહસ સાત્ત્વિકતા, વરવા કાજ જીવાય ............૦૧

સંગ્રામી કરમો પ્રતિ, તેહ જીવન કહેવાય,
સ્વામી એ જીવનતણા, ચંદ્રશેખર ગુરુરાય ............૦૨

આપ તરે તારે વળી, પરને ધરી હિતલક્ષી,
પળ પળ પાપ થકી ડરે, વર્તે જે શુકલપક્ષી ............૦૩

ન્હાવા ગુણ ગંગાજલે, પાવન કરવા આપ,
વિશ્વ વિભૂતિ તેહનાં, મળો મને ગુણ વ્યાપ ............૦૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાળ - ૪

*(રાગ : મારા જીવનનાં દા'ડા સૌ પૂરા થયા)*

ચંદ્રશેખર વિજય ગુરુમાતા શૂરી, તેને વંદન કરું હું લખ ભૂરિ ભૂરિ,
તેને વંદનથી પાપની નિકંદના ખરી, પાપ ધોનારી જેની જીવન સરિ*..

પુણ્ય યોગે પુરુષાર્થનાં પ્રયોગો મળ્યા,
પ્રેમગુરુના સંયોગે અંધારાં ટળ્યાં,
હિતરક્ષા કરે ભુવનભાનુસૂરિ તેને વંદન કરું.... ૦૧

સંન્યાસ લીધો ને સંન્યાસ કીધો,
યાવજજીવ પળ પળ જ્ઞાન અમૃત પીધો,
લક્ષ અમૃત પદનું ના અન્ય વાંછા કરી તેને વંદન કરું.... ૦૨

તન તકલીફમાં તો યે મન મસ્તીધારી,
કરે પુષ્ટિ પરિણામની પળપળ ભારી,
ભેદ જ્ઞાનનું ચિંતન ચિત્તમાં ભરી તેને વંદન કરું.... ૦૩

સ્પૃહા ધારી છતાં ય નિસ્પૃહતા ભારી,
મન સ્પૃહા વિરોધી શિવસ્પૃહા ધારી,
વસ્યાં નિજમાં પરહિતની ચિંતા ખરી તેને વંદન કરું.... ૦૪

કોઈ કળીનાં શકે તુજ સ્વરૂપ ખરું,
ભક્ત છોને સદાય રહે સામે રૂબરૂ,
ગુરુ અજ્ઞાત હૃદયનાં માલિક સ્મરી તેને વંદન કરું.... ૦૫

કરે વખાણ વ્યાખ્યાનમાં સાધુ બધા,
ગુણગાન કરતાં મળે સમકિત સુધા,
નીત વંદન કરતાં તવ પાયે પરી તેને વંદન કરું.... ૦૬

* સરિ = સરિતા, નદી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એવા ગુરુવરની જીવનની સંધ્યા આવી,
શિષ્ય-ભક્તોને સંધ્યા તે જરી ના ફાવી,
વીર જીવન જીવાડવાને ઔષધિ ભરી..... .....તેને વંદન કરું.... ૦૭

જન્મ મંડપમાં મૃત્યુ તો સાથે આવે,
એવો કુદરતનો ક્રમ કોઈ ન તોડી જાવે,
કરે મૃત્યુ પ્રતિક્ષા તેણે ખુશીઓ વરી....... તેને વંદન કરું.... ૦૮

સહુ શિષ્યો, ભક્તોને વળી સંઘ પૂરે,
કરે નિર્યામણા તત્પરતા ધરે,
ભાવ કૃતજ્ઞતાની કરણી કરે...................... તેને વંદન કરું.... ૦૯

ષષ્ઠી વર્ષ પર્યાય સંયમનો સાધી,
શુદ્ધિ સિદ્ધિને સાધી સમાધી લીધી,
પળ અંતિમને વરવા સાવધાની વરી...... ......તેને વંદન કરું.... ૧૦

શુકલ દશમી શ્રાવણની ગોઝારી બની,
વર્ષ અડસઠની, વિજયમૂહૂર્તના ધણી,
વિજય મુહૂર્તે વર્યા સ્વર્ગગતિ ખરી............. તેને વંદન કરું.... ૧૧

જાવા મોક્ષે વિસામાને કરવા ગયા,
જેણે જીવનભર ગુરુવરને માથે ધર્યા,
તજી નશ્વરને શાશ્વતતા વરવા પુરી............ તેને વંદન કરું.... ૧૨

શિષ્યો-ભક્તોને ગુરુવર તે રડતા કીધા,
થયું અંધારું જીવન સૂનકાર કીધા,
ક્રૂર કાળે અનુચિત કરણી કરી.................. તેને વંદન કરું.... ૧૩

થઈ સ્વાર્થી ગુરુવર તે નિજ કાજ કર્યાં,
કીધો મૃત્યુ મહોત્સવ નિજમાં ઠર્યા,
થઈ લીન સમાધિની સ્થિતિ વરી................ તેને વંદન કરું.... ૧૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



ઓ અરિહંત !
મિચ્છામિ દુક્કડમ્
ખામેમિ - મિચ્છામિ - વંદામિ
નો સતત જાપ કરો.

- પૂ.પં. ચંદ્રશેખર વિ.મ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# દુહા

સિધ્ધ થવા સિધ્ધિ વરે, સંયમની હિતકાર,
તેહ જીવન જ્યોતિ ભર્યું, અનુમોદે નરનાર ............ ૦૧

યોગી છતાં ભોગી બધા, પાછળ પડતા રોજ,
વરતાં હિતશિક્ષા વળી, કરતાં આતમ ખોજ. ........ ૦૨

શિષ્ય બની સેવા કરે, અઠ્ઠયાશી દિન રાત,
તો'યે રડતા મૂકી ગયા, દેઈને જીવન પ્રભાત.. ....... ૦૩

યાદ કરું અવિરત તને, થયુ જીવન નોંધાર,
યાદ કરી ગુરુ આવજો, શમણે કરવા સાર... .......... ૦૪

ડાહ્યો રહુ ના ભૂલું કદી, તુજ વચણોનો રાહ,
તુજ સમ મૃત્યુ ના મળે, તબ લગ તાહરી ચાહ. ....... ૦૫

ભવોભવ મળજો ગુરુપણે; કરજો મુજ સંભાળ
એક જ મારી માંગણી, વરું મુક્તિની માળ... ......... ૦૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાળ - ૫

*(રાગ : બ્હેના રે...)*

હૈયા રે...
હૈયાના આજે બહુ ટુકડા જ થાય,
**વિણ અપરાધે લીધી ગુરુએ વિદાય...**

પ્રેમ-ભુવનભાનુ વંશ સનુરો યથાજાત લક્ષણ ધારી... (૨)
પંન્યાસ ચંદ્રશેખર વિજયજી, જીવનયાત્રાના માળી... (૨)
રડતા રે... રડતા મૂકીને નવિ ચાલ્યા જવાય... ......................... વિણ.. ૦૧

વજ્રાઘાત થયો મુજ હૈયે, સૂણી સમાચાર હમણા... (૨)
ગુરુ ગુમાવ્યા સાર કરે કોણ ? કેવા અમારાં લમણા... (૨)
વ્હાલા રે...વ્હાલા ગુરુદેવ કદી ના ભુલાય... ............................ વિણ.. ૦૨

પાવન દેહ તમારો મારા, પાપને ભસ્મ કરતો (૨),
તુજ ઉપકારો ગાતાં સમરતાં, આત્મહિતમાં ઠરતો (૨),
મળજો રે...મળજો ગુરુવર સાથ તમારો સદાય......................... વિણ.. ૦૩

શિષ્યો તમારા પોક મૂકીને, રોતા નજરે જોવા (૨),
એક વખત પણ આંખ ખોલોને, અમારા દોષને ધોવા (૨),
દૃષ્ટિ રે...દૃષ્ટિ રે તમારી થતા સૃષ્ટિ બદલાય... .......................... વિણ.. ૦૪

ચાલ્યા જશો શું અમને મૂકીને?, પ્રશ્ન મનમાં ઘોળાય (૨),
લાખો લોકોને દર્શન દેનારા, પાલખીમાં પધરાવાય. (૨),
ઊંચા રે...ઊંચા ચડાવે લીધા ખાંધે ગુરુરાય... .......................... વિણ.. ૦૫

ગગનભેદી જય જય નંદા, જય જય ભદ્દા નાદે (૨),
અંતિમયાત્રા નીકળી તમારી, હિતકર શિવના સાદે (૨),
ભક્તો રે...ભક્તો હજારો પાલખીયાત્રામાં જોડાય... .................. વિણ.. ૦૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આંબાવાડીથી યાત્રા પ્રારંભી, તપોવન છેલ્લો મુકામ (૨)
જિનશાસનનાં શેરની યાત્રા, પહોંચી અંતિમ ધામ (૨)
ઊંચી રે... ઊંચી બોલી અંતિમ સંસ્કારની થાય... ..................... વિણ.. ૦૭

સંદીપ મહાવીર બારડોલીના છાત્ર તપોવન કેરા (૨)
ઉંચેરા ભાવે દ્રવ્ય ભાવંજલિ, કરતા ટાળે ભવફેરા (૨)
પાવન રે...પાવન દેહ અગ્નિ સંસ્કારે જલાય... .......................... વિણ.. ૦૮

પાવન દેહડી ગુરૂવર તારી, જોઈ રહ્યા વિશ્વાસુ (૨)
ભડભડ ભસ્મિત થાતી નિરખતા, નયને ઊભરતા આંસુ (૨)
ઊડયો રે..,ઊડયો પંછી ને માળો પણ પીંખાય... ...................... વિણ.. ૦૯

નહિ રે મળે અબ કદીયે અમોને, એહ વાત શું સાચી (૨)
મુક્તિ મંદિરમાં મળશે જ કાયમ, જીવનકથા મે વાંચી (૨)
ગુણલા રે...દેહ ગુણાત્મક હજી યે સુહાય... ............................. વિણ.. ૧૦

દિવ્ય લોકેથી દેજો સંદેશો, ત્યાં શું કરો છો આપ (૨)
અમને ભૂલ્યા કે ? ચિંતા કરો છો ? અમથી અમારા મા-બાપ (૨)
તારો રે...તર્યા તમે તિમ તારો કહેવાય... .................................. વિણ.. ૧૧

શિષ્યો સત્યાસી જેને સત્ય નવ આશી, એહ વાત છે અનોખી (૨)
આપની ચાહનાં રાહે સંચરતા વરશે શક્તિ અમોલી (૨)
દેજો રે... દિવ્યલોકેથી દેજો આશિષ સદાય... ......................... વિણ.. ૧૨

જન્મ્યો સિતારો રાધનપુરમાં, જાગ્યો મુંબઈમાં રામ (૨),
રામ જગાડ્યો સહુનો જગતથી, લીધો તે પૂર્ણવિરામ (૨),
આંબા રે...આંબાવાડી અમદાવાદથી શિવાય... ....................... વિણ.. ૧૩

પ્રેમસૂરીશ્વર પટ્ધર ખાસ, ભુવનભાનુસૂરિ દેવા (૨),
જયઘોષસૂરિવર પુણ્ય સામ્રાજ્યે, ગુરુગાયો શિવલેવા (૨),
ધર્મે રે...ધર્મજિત્સૂરિ શિષ્ય રચના કરાય... ............................. વિણ.. ૧૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-: કળશ :-

વીશ અડસઠે દિવસે દિવાળી બારડોલી ગામમાં
શ્રી કુંથુનાથની છત્રછાયે રહીને વર્ષાવાસમાં
સૂરિ પ્રેમ-ભુવનભાનુ-કૃપાળુ ધર્મજિત્ સુપસાયથી
ગુરૂ ચંદ્રશેખર વિજય ગાયો રચી ગ્રંથ મથી મથી...૦૧

-: રચના :-

વિ.સં. ૨૦૬૮, દિવાળી પર્વ શુભ દિન, બારડોલી નૂતન ઉપાશ્રય

## ગુણ સઘળા અંગીકર્યા...

લક્ષ્યમાં ગુણાતીત અવસ્થા છે,
પરમાત્મા ગુણ નિષ્પન્ન છે,
સદ્ગુરૂભગવંતો ગુણ સંપન્ન છે,
આપણે ગુણરહિત છીએ,
ગુણપ્રીતિ (ગુણાનુરાગ) વિના ગુણો પ્રાપ્ત થતા નથી ને
ગુણાનુવાદ વિના ગુણો સ્થિર થતા નથી.
આ પારથી પેલેપારના પ્રવાસમાં
ગુણાનુરાગ એ ખલાસીનું કાર્ય કરે છે.
ગુણ સ્થૈર્ય જ ગુણવૃધ્ધિનું અનન્ય કારણ છે.
ગુણાનુરાગ-ગુણાનુવાદના માધ્યમે
ગુણાનંદના ભોક્તા બની
ગુણાતીત અવસ્થાને પામીએ એ જ

**- આ. વિ. જગવલ્લભસૂરિ**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



તે પાપી નથી જેને ઘોર પશ્ચાતાપ છે,
તે ધર્મી નથી જેને ખૂબ અહંકાર છે.

- પૂ.પં. ચંદ્રશેખર વિ.મ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"અણુ પરમાણુ શિવ બની જાઓ
આખા વિશ્વનું મંગલ થાઓ
સર્વે જીવો મોક્ષે જાઓ
અર્હમ્ મૈયા અમર તપો"

Created by :
Kirit B. Vadecha
✆ 23737600 / 98200 73336

Jain Education International
For Personal & Private Use Only
www.jainelibrary.org